# ભારતીય અર્થતંત્રમાં વકરી રહેલો ભ્રષ્ટાચાર

દિનેશભાઈ જી. લકુમ

## 1. પ્રસ્તાવના

આજે સમગ્ર ભારતભરમાં ભ્રષ્ટાચારનો વ્યાપ વધતો જાય છે.અત્યારે દરેક ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર વ્યાપક રીતે પ્રસરેલો છે.આમ તો ભારત દેશનું નામ સમગ્ર વિશ્વમાં ભારે આદર સાથે લેવામાં આવે છે.પણ આવનાર સમયમાં આપણો દેશ ભ્રષ્ટાચારની ભૂમિ બની વધુ નામના મેળવશે એમ લાગી રહ્યું છે.ભ્રષ્ટાચાર એ વૈશ્વિક સમસ્યા છે.વિશ્વના બધા દેશોમાં ઓછે વતે અંશે ભ્રષ્ટાચાર વ્યાપ્ત છે.ભ્રષ્ટાચારની સમસ્યા સર્વશ્વ છે.ભ્રષ્ટાચારની સમસ્યા રોજબરોજ વધુ ને વધુ પ્રમાણમાં વ્યાપક અને ગંભીર બનતી જાય છે. વર્તમાન સમયમાં ભારતમાં પણ આ સમસ્યાએ રૌદ્ર રૂપ ધારણ કર્યુ છે.સમાજજીવનના અનેક ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર વ્યાપેલો જોવા મળે છે. ભ્રષ્ટાચાર એટલે વ્યકિતનું એવું વર્તન કે જેના ધ્વારા અયોગ્ય લાભ મેળવવા માટે જાણી જોઇને પોતાના કર્તવ્યની ઉપેક્ષા કરવી.

ભ્રષ્ટાચાર એટલે ભ્રષ્ટ આચાર એટલે કે અયોગ્ય કે ન કરવા યોગ્ય આચરણ અને છતાં આપણે આજે ભ્રષ્ટાચારને શિષ્ટાચાર ગણીને આચરીયે છીએ.આમતો ભ્રષ્ટાચાર સમાજમાં એવો સમાઈને બેસી ગયો છે કે તેને અલગ કરવો એ ખુબ મુશ્કેલ બની ગયો છે.પરીક્ષામાં ચોરી કરાવવી,લાંચ લેવી,ભરતીઓમાં ડોનેસન લઈને મનગમતા ઉમેદવારને નોકરી અપાવવી ,કાળું નાણું રાખવું,વીજચોરી કરવી યા કરાવવી આ બધુ જ ભ્રષ્ટાચારનો જ એક ભાગ છે.આપણે જાણીએ છીએ કૌભાંડો વિશે જેમકે બોફોર્સ કૌભાંડ,ઘાસચારા કૌભાંડ,2G સ્પેક્ટ્રમ.આ બધા ભ્રષ્ટાચારના મોટા કુવાઓ છે જેમાં અપણો દેશ ડૂબી રહ્યો છે.

ભ્રષ્ટાચારના અનેક રૂપો છે.ભારતમાં કોઈ પણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં ભ્રષ્ટાચારના બનાવો ના બનવા પામ્યા હોય.ભ્રષ્ટાચારો પુષ્કળ પ્રમાણમાં આપણા દેશમાં વધી ગયા છે પણ તેને દુર કરવાની કે રોકવાની કોઈ યુક્તિ હજુ સુધી હાથ ધરવામાં આવી નથી.ભ્રષ્ટાચાર એવી રીતે ભારતમાં ઘુસી ચુક્યો છે કે તેનો દુર કરવો કઈ એકાદ રાત કે દિવસનું કામ નથી. ભ્રષ્ટાચારને દુર કરવાના પ્રયાસો ઘણા સમાજસુધારકોએ કર્યા છે પણ તેઓ સંપૂર્ણ સફળ થયા નથી.એટલે કદાચ હવે આપણી જેવા અને અન્ના હજારે જેવા આમ જનતાએ ભ્રષ્ટાચાર હટાવવાનું કામ હાથ ધરવું પડશે.

## 2. ભ્રષ્ટાચારનાં કારણો

- ભ્રષ્ટાચારના કારણોમાં સામાજિક પ્રતિષ્ઠા એક મહત્વનું કારણ છે.વ્યક્તિ પાસે નાણા હોય તો જ તેને પ્રતિષ્ઠા મળે એવી દરેક માણસની માનસિકતા છે.અને નાણું ભ્રષ્ટાચારથી વધારે મળે છે.
- જે ગરીબ અને લાચાર છે તેઓ પોતાને મળતા લાભ માટે ગમે તે અધિકારીને લાંચ આપીને પણ પોતાનું કામ જલ્દી થઇ જાય તે માટે પ્રયત્ન કરે છે.
- ગરીબ અને અભણ અને નાસમજ લોકો કાયદાઓની જોગવાઈઓ ની માહિતી ધરાવતા નથી હોતા જેના કારણે પણ લોકો પોતાનું કામ કરાવવા માટે લાંચ આપવા તૈયાર થઇ જાય છે.

- કેટલીક વખતે એવું બને છે કે કોઈ વ્યક્તિને તેનું જરૂરિયાત જેટલું કાયદાની રીતે યોગ્ય રીતે મળતું નથી  તે માટે પણ તે વ્યક્તિ ભ્રષ્ટાચારના માર્ગે વળે છે.
- ખરાબ ચારિત્ર્ય ધરાવતી વ્યક્તિઓ પોતાના અંગત સ્વાર્થ માટે ગમે તેટલો ભ્રષ્ટાચાર કરવામાં ડર કે સંકોચ અનુભવતી નથી.
- ભારતમાં જે રાજકીય વ્યવસ્થા એવા પ્રકારની છે કે જે કોઈ રાજકીય નેતા ચુંટણી માટે જે વ્યક્તિની મદદ લે છે ચુંટણી જીત્યા પછી કોઈ રાજકીય પદ મેળવ્યા પછી મદદ આપનાર વ્યક્તિની સેવા કરવામાં ઘણો ભ્રષ્ટાચાર થાય છે.
- એક ખુબ અગ્યતનું અને ઘણું જવાબદાર કારણ એ છે કે અમુક ક્ષેત્રના કર્મચારીઓને તેમના કામના પ્રમાણ માં યોગ્ય વળતર કે વેતન આપવામાં આવતું નથી એટલે આવા કર્મચારીઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે ભ્રષ્ટાચાર કરવા માટે પ્રેરાય છે.કારણ કે તેનામાં વિરોધ કરવાની ક્ષમતા હોતી નથી.
- હવે ભારતમાં એક કરુણતા એવી છે કે ભ્રષ્ટાચારમાં પકડાયેલ કોઈ પણ વ્યક્તિની શિક્ષા બહુ જ નજીવા પ્રમાણમાં કરવામાં આવે છે.એટલે સખત શિક્ષાની જોગવાઈનો અભાવ છે.
- વર્તમાન સમયમાં તો લાંચરુશ્વત ખાતાના કર્મચારીઓ પણ લાંચ લેતા પકડાય છે.અને છુટી પણ જાય છે.એટલા માટે ભ્રષ્ટાચારને વધારે ઉતેજન મળે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતમાં કાળું નાણું એક મોટો રાજકીય મુદ્દો બની ગયો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કળા નાણાના કાળોતરાને નાથવાની વાતો વારંવાર કરી છે. પણ હજુ આ દિશામાં નક્કર પગલા લેવાનું હજુ બાકી છે.કુલ મળીને ૨૧ લાખ રૂપિયાનું કળા નાણાનં સમાંતર અર્થતંત્ર ભારતમાં ચાલે છે.બ્લેકમનીના આ ભોરીંગને પકડવા,કચડી નાખવા અત્યાર સુધીમાં ઘણા બધા પ્રયાસો થયા હશે પણ કોઈ ધારી સફળતા મળતી નથી.આજે જયારે આખું વિશ્વ મંદીના ચકરાવામાં ફસાયું છે ત્યારે ભારતમાં ગર્ભશ્રીમંતોનો એવો એક વર્ગ છે કે જેને મંદીનું એકાદ નાનું મોજું પણ નડ્યું નથી .અર્થશાસ્ત્રીઓ એમ મને છે કે ભારતમાં મોજ શોખની વસ્તુઓ અને હીરા ઝવેરાત પાછળ મબલખ નાણા ખર્ચતા હોય તો આવકવેરો આટલો ઓછો કેમ.નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઇકોનોમિક રીસર્ચ સ્ટડીઝનો અભ્યાસ કહે છે કે રોજ સવાર પડેને એક નવો લખપતિ પેદા થાય છે.આજે હરિયાણા જેવા નાના રાજ્યમાં પણ કરોડપતિની સંખ્યા ૬૨૫ નો આંક વટાવી ગઈ છે.

## 3. ભ્રષ્ટાચારના ઉપાયો

ભારતની લોકશાહીનું એક કલંક બની ગયેલ ભ્રષ્ટાચારની નાબુદી માટે, જેવી રીતે મહાત્મા ગાંધીએ દેશની આઝાદી માટે અને લોક જાગૃતિ માટે ઉપવાસના શસ્ત્રનો ઉપયોગ કરેલો એમાંથી પ્રેરણા લઈને, જાણીતા ગાંધીવાદી લોક સેવક અન્ના હઝારે આજે દેશમાં વ્યાપેલ ભ્રષ્ટાચારને દુર કરવા માટે સરકાર અને જનતાને જાગૃત કરવા મોટી લડત ચલાવી રહ્યા છે. મધ્યસ્થ સરકાર જેમ બને એમ જલ્દી લોકોને માન્ય હોય એવું જન લોકપાલ બિલ પાર્લામેન્ટમાં પસાર કરે એ માટેની આ લડતને લોકોનો ઉત્સાહભેર સાથ મળી રહ્યો છે.

- ભ્રષ્ટાચાર એ કોઈ નાની સમસ્યા નથી માટે જો તેને દુર કરવી જ હોય તો તેની શરૂઆત આપણે પોતાનાથી જ કરવી પડે કોઈને લાંચ આપવી નહી અને કોઈની પાસેથી લાંચ લેવી નહિ.તો કદાચ ભ્રષ્ટાચાર ઓછો થાશે સંપૂર્ણ દુર તો નહિ જ થાય.
- સરકાર દ્વારા ભ્રષ્ટાચાર દુર કરવા માટેના જે કાયદાઓ છે તેમાં ફેરફાર કરવો પડશે અને જે ગુનેગાર છે તેને સજામાં પણ સખ્તાઈ વાપરવી જોઈએ.તો ભ્રષ્ટાચાર જેવા રાક્ષસને નાથી શકશે.
- આજે ભ્રષ્ટાચાર અંગે વાતો કરવી એ એક ફેશન થઈ ગઈ છે. ભ્રષ્ટાચાર માટેના કારણો અસરો તે દૂર કરવાના ઉપાયો અંગે ચિંતા અને ચિંતન દ્વારા વિચારીને ભ્રષ્ટાચાર નિવારણની કામગીરી શરૂ કરવા માટેના ઓછા પ્રયાસો થાય છે. ભ્રષ્ટાચાર એ

કેન્સર જેવો જીવલેણ આર્થિક સામાજિક રાજકીય વૈયક્તિક મહારોગ છે. તે કોઈ એક વ્યક્તિ કે જૂથ દ્વારા દૂર ન થઈ શકે. તે માટે તો વ્યાપક જનચેતના જગાવવા અને દરેકના દિલ અને દિમાગને ઢંઢોળવા માટે વ્યાપક લોક આંદોલન જે ઘર-ઘર ગામ-ગામ નગર-નગર સુધી પહોંચે તે જરૂરી છે.કાયદા દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ નહીં થાય.આ માટે સમજણ પૂર્વકની વૈચારીક પરિવર્તનશીલતા માટે માનસિક કે વૈચારિક ક્રાંતિ જરૂરી છે.

- ભ્રષ્ટાચાર દુર કરવા માટેનું પ્રથમ સોપાન પ્રમાણિકતા,ઈમાનદારી,વફાદારી જેવા ગુણો આપણા અંદર હોવા જોઈએ.આથી જેમ ભ્રષ્ટાચારીઓને દંડ આપવાની જોવાઈ છે તેમ પ્રમાણિક લોકોને તેમની નિષ્ઠા માટે વેતન કે બીનવેતન લાભ આપવા જોઈએ.માટે દરેક ક્ષેત્રોમાં વેતનોને કામના પ્રમાણ અને સ્વરૂપ સાથે સાંકળવાની જરૂર છે.વધારે સારું કામ ઈમાનદારીપૂર્વક કરે અને કોઈ પણ રીતે ભ્રષ્ટાચાર ન આચરે તેને વધારે વેતન ઈજાફો ભથ્થાઓ આપવા જોઈએ. જ્યારે કામચોરીની સાથે ભ્રષ્ટાચાર આચરનારને ઓછામાં ઓછું વેતન અને કોઈ લાભ ન મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ.
- આગળ જણાવેલ ભ્રષ્ટાચાર નિવારણ માટે કાયદો કે માત્ર ખોખલી વ્યવસ્થા કારગત નહીં નીવડે. પણ આ માટે સમજણપૂર્વકની વૈચારીક ક્રાંતિ જરૂરી છે. માનસપરિવર્તનથી જ માણસ પરિવર્તન થશે અને સદાચારી સજ્જનોનું સર્જન એ જ ભ્રષ્ટાચારને મિટાવી શકશે.
- ભ્રષ્ટાચાર દુર કરવા માટે જુદા જુદા રાજકીય પક્ષો અને રાજકીય નેતાઓનું નૈતિક સ્તર ઊંચું લાવવું અને નૈતિકતાના ઉચ્ચ આદર્શોનું પાલન થવું જોઈએ તો લોકો જોશે અને તેનું અનુકરણ કરશે.
- નાનાં ગુનાઓ જેવા કે ભેળસેળ કરવી,કાળાબજાર,સંગ્રહખોરી વગેરેમાં ગુનેગારને સજા મળતી નથી અથવા ઓછી સજા મળે છે.આવા અપરાધીઓને સખત અને કડક સજા થવી જોઈએ.
- કેટલાક સરકારી ખાતાઓ જેવા કે પોલીસ ખાતું ,સરકારી કચેરીઓ તથા ન્યાયતંત્ર માં સુધારાઓ કરવા જોઈએ.જેથી કરીને તે ખાતામાં જ થતા ભ્રષ્ટાચાર ઓછા થાય અને તેના લીધે આખા દેશમાં ભ્રષ્ટાચાર પર કાબુ મેળવી શકાય.
- ભારતમાં શિક્ષણ પ્રમાણ ઓછુ છે એ પણ ભ્રષ્ટાચાર માટેનું એક મહત્વનું કારણ છે.જો શિક્ષણનું પ્રમાણ ઊંચું આવે તો લોકોને યોગ્ય માહિતી પ્રાપ્ત થાય,સમજણ આવે જેથી ભ્રષ્ટાચાર અટકાવી શકાય.
- ઉપરાંત ભારત સરકારે એવા પણ પ્રયત્ન કરવા જોઈએ કે જેથી દેશમાં રોજગારીની વધુને વધુ તકો ઉભી થાય.જેથી આવક પ્રાપ્ત થતા લોકો ભ્રષ્ટાચારના માર્ગે ન વાળતા તેને દુર કરવાનાં પ્રયત્નોમાં જોડાય છે.

## 4. ઉપસંહાર

આમ,સમાજમાંથી ભ્રષ્ટાચારને દૂર કરવા માટે લોકોમાં ભ્રષ્ટાચાર સામે જાગૃતિ લાવવી પડશે તેમજ ભ્રષ્ટાચારી સામે કડક કાર્યવાહી કરી તેમને યોગ્ય સજા કરવાથી જ આ સમસ્યાને હલ કરી શકાશે.ભ્રષ્ટાચારની સમસ્યા નાની સમસ્યા નથી અને બહુ મોટી પણ નથી કે તેને દુર કરવું અશક્ય છે.ભ્રષ્ટાચાર દુર કરવો એ ફક્ત સરકારની જ જવાબદારી નથી પરંતુ સમગ્ર નાગરીકની જવાબદારી છે.અને આ સમસ્યાને દુર કરવાના દરેક પ્રયત્નમાં પણ પ્રમાણિકતા અને નૈતિકતા જરૂરી છે. આમ, ભારતમાં ભ્રષ્ટાચારની સમસ્યા અતિવ્યાપક અને ગંભીર અને જટિલ બની છે ત્યારે ભ્રષ્ટાચારને દૂર કરવા માટે કડક પગલાં લેવાની જરૂરિયાત ઉભી થઇ છે. ભ્રષ્ટાચાર કરનાર માટે આજીવન કેદની સજાની જોગવાઇ કરવાનો સમય પાકી ગયો છે. ભ્રષ્ટાચારીઓ સામે સમાજનું વલણ કડક હોવું જોઇએ.

## સંદર્ભ

1. સાધના સામાહિક 2. ગુજરાત સમાચાર 3. લેટેસ્ટ ફેક્ટસ ઇન જનરલ નોલેજ